# દિગંબર જૈન કુટુંબ સુરક્ષા યોજના

૬, હરિઓમ એપાર્ટમેન્ટ, રમણનગર, મણિનગર, અમદાવાદ-૮. ફોન : ૯૯૭૮૪૦૨૧૦૨
E-mail : djksy97@gmail.com • www.djksy.org

તારીખ : ૨૦-૦૬-૨૦૨૩

સહર્ષ જણાવવાનું કે આપ સૌના સહકારથી આજરોજ સુધીમાં સંસ્થાની સભ્ય સંખ્યા **૫૦૧૦** ઉપર પહોંચી ગયેલ છે તેમજ આપણી સંસ્થાએ ૨૬ વર્ષ પુર્ણ કરેલ છે. જે માટે આપે આપેલ સહકાર બદલ અમો આપના આભારી છીએ. આપણી સંસ્થાના સભ્યોની વાર્ષિક સાધારણ સભા નં. ૨૫, તા. ૯-૭-૨૦૨૩, રવિવાર ના રોજ ૨-૩૦ થી ૫-૦૦ વાગ્યા સુધી નીચેના સરનામે રાખેલ છે.

**સભાનું સ્થળ : શાહ કેશવલાલ મગનલાલ દિગંબર જૈન ધર્મશાળા**
**ખાડીયા ચાર રસ્તા, અમદાવાદ.**

**જનરલ સભા**

(૧) વર્ષ ૨૦૨૩ માં મૃત્યુ પામનાર સભ્યોને શ્રદ્ધાંજલિ
(૨) ગત સાધારણ સભા નં. ૨૪ની મિનિટસ વાંચનમાં લઈ મંજુર કરવા બાબત
(૩) સંસ્થાના તા. ૧-૪-૨૦૨૨ થી તા. ૩૧-૩-૨૦૨૩ સુધીના ઓડિટ થયેલા હિસાબો રજુ કરી મંજુર કરવા બાબત
(૪) **સમાજના નાની વયના બાળકોને (માઈનોર) સંસ્થાના સભ્યો બનાવવા (ઉંમર મર્યાદા ૬ માસ થી ૧૬ વર્ષ સુધી) આ અંગેની ફી તથા સભ્ય ફાળો નીચે દર્શાવ્યા મુજબ લેવામાં આવશે.**

**દાખલ ફી : ઉંમર પ્રમાણે કુલ કરવું પડતું રોકાણ**

| ઉંમર | સભ્ય ફી | એડવાન્સ સભ્ય ફાળો | દાખલ ફી | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૬ માસ થી વધુ ૫ વર્ષ સુધી (M1) | ૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૧૦૫૦ |
| ૫ વર્ષ થી વધુ ૧૦ વર્ષ સુધી (M2) | ૫૦ | ૫૦૦ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૧૦ વર્ષ થી વધુ ૧૬ વર્ષ સુધી (M3) | ૫૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૫૦ |
| ૧૬ વર્ષ થી વધુ ૩૫ વર્ષ સુધી | ૫૦ | ૧૦૦૦ | ૨૦૦૦ | ૩૦૫૦ |
| ૩૫ વર્ષ થી વધુ ૪૦ વર્ષ સુધી | ૫૦ | ૧૦૦૦ | ૩૫૦૦ | ૪૫૫૦ |

**સભ્ય ફાળો :**

| કેટેગરી | સભ્ય ફાળો પ્રતિ વર્ષ | કેટેગરી | સભ્ય ફાળો પ્રતિ વર્ષ |
|---|---|---|---|
| M1 | ૫૦૦ (ફીક્સ) (સભ્યની ૧૬ વર્ષની ઉંમર સુધી) | M3 | ૧૫૦૦ (ફીક્સ) (સભ્યની ૧૬ વર્ષની ઉંમર સુધી) |
| M2 | ૧૦૦૦ (ફીક્સ) (સભ્યની ૧૬ વર્ષની ઉંમર સુધી) | જનરલ | દર વર્ષની કોલ નોટીસ મુજબ |

નોંધ : ઉંમરની કુલ રકમ ફક્ત એક જ વખત ભરવાની રહેશે. સભ્યફાળો જે તે વર્ષની કોલ નોટીસ મુજબ આપવાનો રહેશે. માયનોર સભ્ય ૧૬ વર્ષની ઉંમરથી જનરલ સભ્ય થશે તેમજ સભ્ય ફાળો કોલ નોટીસ મુજબ આપવાનો રહેશે. (જનરલ સભાની મંજૂરીને આધિન)

(૫) પત્ર વ્યવહાર વાંચનમાં લેવા
(૬) પ્રમુખશ્રી અથવા તેમની મંજુરીથી રજુઆત

**તા.ક. :** (૧) સભામાં કોરમ નહિ થાય તો પંદર મિનિટ બાદ કોરમ ગણી સભાનું કામકાજ તે જ સ્થળે શરૂ કરવામાં આવશે.
(૨) આપ ૨૦૨૨-૨૩ ના હિસાબો વેબસાઈટ ઉપર જોઈ શકશો.
(૩) હિસાબો અંગેની તેમજ અન્ય વધુ વિગતો જોઈતી હોય તો, તેમજ આપના સૂચનો અંગે મંત્રીશ્રીને મિટીંગના બે દિવસ પહેલાં લેખિત જાણ કરવાની રહેશે.
(૪) જનરલ સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
(૫) નોમીનીમાં ફેરફાર કરવાનો હોય તો સંસ્થાને નિયત કરેલ ફોર્મમાં લેખિત જાણ કરવાની રહેશે.
(૬) આપના સરનામા અથવા મોબાઈલ નંબરમાં ફેરફાર હોય તો સંસ્થાને લખીને મોકલી આપશો.

**સ્વ. ચંપાબેન વાડીલાલ ગાંધી (સરડોઈ) સ્કોલરશીપ યોજના સંચાલન : દિગંબર જૈન કુટુંબ સુરક્ષા યોજના**

(૧) આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. સંસ્થાના સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમનો અભ્યાસ સારી રીતે પુરો કરે તેવી શુભેચ્છા...
(૨) કોઈપણ સભ્યનો મેડિકલ કુલ ખર્ચ રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી વધુ થાય તો રૂા. ૫૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

**સ્વ. શ્રીમતી શારદાબેન રજનીકાન્ત શાહ એક્સીડન્ટ બેનીફીટ યોજના (Since 2018)**

આ યોજના હેઠળ કોઈપણ સભ્યનું અકસ્માતમાં અવસાન થાય તો તેમના નોમિનીને રૂા. ૫૦,૦૦૦/- (વધારાના) આપવામાં આવે છે.

**ગાંધી ચંપકલાલ કચરાલાલ (લાકરોડા) પાલક માતા-પિતા યોજના (૨૦૨૧) સંચાલન : દિ.જૈ.કુ.સુરક્ષા યોજના**

આ યોજના અંતર્ગત સભ્યના પુત્ર/પુત્રી નાની ઉંમરે કમાઉ સભ્યનો સહારો ગુમાવતા સભ્યના પુત્ર/પુત્રીને યોજનાના નિયમો અનુસાર આર્થિક સહાય આપવામાં આવે છે.

**(A) શ્રીમતી ચંપાબેન પોપટલાલ ચુનીલાલ શાહ શિક્ષણ સહાય યોજના (Since 2008)**

આ યોજના હેઠળ દિગંબર જૈન કુટુંબ સુરક્ષા યોજનાના સભ્ય વિદ્યાર્થી ભાઈ/બહેનને રૂા. ૨,૫૦,૦૦૦/- (વધુમાં વધુ) લોન સ્કોલરશીપ આપવામાં આવે છે.

એજ લી.
દિ. જૈન કુટુંબ સુરક્ષા યોજના
શાહ શૈલેષભાઈ રજનીકાન્ત (મંત્રી)